# શ્રી પરાગભાઈ ત્ર્યંબકલાલ પટેલ સાયન્સ કોલેજ , ડીસા

## PM -YASASVI Post Metric Scholarship for OBC, EBC and DNT Students

## સ્કોલરશીપના ફોર્મ ભરવા માટે અગત્યની સૂચના (ડિઝિટલ ગુજરાત)
## (સેલ્ફ ફાયનાન્સ)

- વિદ્યાર્થીઓએ કોલેજમાં લગાવેલ નોટીસ બોર્ડ ઉપર લગાવેલ સૂચનાઓ વાંચીને જ પોતાને લાગુ પડતી સ્કોલરશીપ યોજનાનું ફોર્મ ભરવું.
- અગાઉ વર્ષ ૨૦૨૩–૨૪ માં જે વિદ્યાર્થીઓએ ડીજીટલ ગુજરાતમાં ઓનલાઈન સ્કોલરશીપનું ફોર્મ ભરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ રીન્યુઅલ ફોર્મ ભરવાનું રહેશે. **(અગાઉ ઓનલાઈન કરેલ ફોર્મમાં જે મોબાઈલ નંબર દર્શાવેલ છે તે કોઈ કારણસર ખોવાઈ ગયેલ હોય અથવા બંધ થઈ ગયેલ હોય તો તેવા OBC જાતિના વિદ્યાર્થીઓએ OBC કચેરી પાલનપુરનો સંપર્ક કરી પોતાનો નવો નંબર અપડેટ કરાવવાનો રહેશે અને ત્યારબાદ જ રીન્યુઅલ ફોર્મ ભરવાનું રહેશે.)**
- જે વિદ્યાર્થીઓએ સેમ–૧ માં નવું એડમિશન લીધેલ હોય અથવા અગાઉ ફોર્મ ભરેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ ફોર્મ ભરવાનું રહેશે.
- **કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓએ ગુજરાત સરકારની સ્કોલરશીપનું કોઈપણ એક જ યોજનામાં ફોર્મ ભરવાનું રહેશે. અન્ય બીજી યોજનામાં સ્કોલરશીપનું ફોર્મ ભરેલ હશે તેવા વિદ્યાર્થીઓના સ્કોલરશીપના તમામ ફોર્મ રદ કરવામાં આવશે.**
- **વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરાવતી વખતે પોતાની જાતે જ વિગતો ચકાસીને ફોર્મ ભરાવવું.**
- ઓનલાઈન ફોર્મ ભરીને સમયસર કોલેજમાં જમા કરાવવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
- સ્કોલરશીપ ફોર્મ જમા કરાવવા માટે નોટીસમાં દર્શાવેલ સમય અને તારીખ મુજબ આવવાનું રહેશે.
- **NSP યોજના તથા ગુજરાત સરકારની અન્ય યોજનાના ફોર્મ ભરેલ હશે તેવા વિદ્યાર્થીઓનું ડિઝિટલ ગુજરાત સ્કોલરશીપ યોજનાનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.**

### :: NT/DNT વિદ્યાર્થીઓ માટે ખાસ સૂચના ::

**NT/DNT** વિચરતી તથા વિમુક્તી જાતિના સેલ્ફ ફાયનાન્સના વર્ગોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ **BCK 325** યોજનાનું ફોર્મ ભરવાનું રહેશે.

**શ્રી પરાગભાઈ ત્ર્યંબકલાલ પટેલ સાયન્સ કોલેજ , ડીસા**

# ઓનલાઈન સ્કોલરશીપના ફોર્મ ભરતા વિદ્યાર્થીઓએ નીચે પ્રમાણેની તારીખો ફોર્મમાં ઉમેરવી

## (સેલ્ફ ફાયનાન્સ તમામ વિદ્યાર્થીઓ)

### ફ્રેશ વિદ્યાર્થીઓ – (સેમ-૧ માટે)

**પ્રવેશ તારીખ** : ૧૧/૦૭/૨૦૨૪

**સત્ર પૂર્ણ થવાની તારીખ** : ૩૦/૦૪/૨૦૨૫

### રીન્યુઅલ વિદ્યાર્થીઓ – (સેમ-૩ અથવા ૫ માટે)

**પ્રવેશ તારીખ** : ૨૪/૦૬/૨૦૨૪

**સત્ર પૂર્ણ થવાની તારીખ** : ૩૦/૦૪/૨૦૨૫

**નોંધ :** ફોર્મમાં દર્શાવવાની ફીની વિગત તથા ઓનલાઈન તથા ફોર્મ સાથે જોડવાના ડોકયુમેન્ટની વિગતવાર નોટીસ નોટીસબોર્ડ ઉપર લગાવેલ છે.

– ઓનલાઈન ભરેલ ફોર્મની એક નકલની સાથે ફોર્મમાં દર્શાવેલ ક્રમ પ્રમાણેના ડોકયુમેન્ટ જોડીને કોલેજમાં જમા કરાવવાની રહેશે. એક નકલ પોતાની પાસે રાખવાની રહેશે.

**તમામ ડોકયુમેન્ટ ઓરીજનલ વંચાય તેવા અપલોડ કરવાના રહેશે.**

# <u>શ્રી પરાગભાઈ ત્ર્યંબકલાલ પટેલ સાયન્સ કોલેજ , ડીસા</u>

## શિષ્યવૃત્તિનું ઓનલાઈન ફોર્મ ભરી નીચે મુજબના તમામ ડોક્યુમેન્ટ સ્વ–પ્રમાણિત કરી (સહી કરીને) કોલેજમાં જમા કરાવવાના રહેશે.

– જાતિના દાખલાની નકલ. (સ્વ–પ્રમાણિત)

– બેંક પાસબુક/રદ કરાવેલ ચેકની પ્રથમ પાનાની નકલ. (કોઈપણ બેંક ચાલશે)

– ફીની પાવતી (હાલ જે સેમેસ્ટરમાં ભણતા હોય તે)

– છેલ્લે પાસ કરેલ શૈક્ષણિક માર્કશીટની નકલ. ***(સેમ–૧ માટે ધોરણ–૧૨ જેટલા પ્રયત્ને પાસ કરેલ હોય તે તમામ માર્કશીટની નકલ તથા સેમ–૩ માટે સેમ–૨ની તથા સેમ–૫ માટે સેમ–૪ ની માર્કશીટની નકલ)***

– આવકના દાખલાની નકલ. (૦૧/૦૪/૨૦૨૨ પછીનો ત્રણ વર્ષની સમય મર્યાદાવાળો). જે વિદ્યાર્થીના પિતા સરકારી નોકરી કરતા હોય તેમણે ફોર્મ નં.૧૬ જોડવું. **આવકની મર્યાદા – રૂા.૨,૫૦,૦૦૦/–**

– શાળા છોડયાના પ્રમાણપત્રની (એલ.સી.) નકલ.

– બોનાફાઈડ સર્ટીફીકેટ. (ફકત સેમ–૧ ના વિદ્યાર્થીઓ માટે)

– સેમ–૩ અને સેમ–૫ ના વિદ્યાર્થીઓ માટે આઈકાર્ડની નકલ.

– આધારકાર્ડની નકલ

– વિદ્યાર્થીના પિતા હયાત ના હોય તેમણે મરણના દાખલાની નકલ જોડવાની તેમજ ઓનલાઈન અપલોડ કરવાની રહેશે.

– ગેપ હોય તો તે અંગેનું સોગંદનામું. (નોટરી કરાવેલ)

– દિવ્યાંગ હોય તો તે અંગેનું મેડીકલ ઓફિસરનું સર્ટીફીકેટ.

**શ્રી પરાગભાઈ ત્ર્યંબકલાલ પટેલ સાયન્સ કોલેજ , ડીસા**

# સ્કોલરશીપના ફોર્મ સ્વીકારવાની તારીખ અને સમય

## (સેલ્ફ ફાયનાન્સ તમામ વિદ્યાર્થીઓ)

**:: ઓનલાઈન ફોર્મ સ્વીકારવાની તારીખ ::**

# ૧૫/૧૦/૨૦૨૪ થી ૧૦/૧૧/૨૦૨૪

**:: ફોર્મ સ્વીકારવાનો સમય ::**

# સવારે : ૧૧:૦૦ થી ૨:૦૦

**બી.એસ.સી.** વિદ્યાર્થીઓએ તેમના સ્કોલરશીપના ફોર્મ **દિનેશભાઈ વાઘેલા પાસે** જમા કરાવવા.

**:: ખાસ નોંધ ::**

સ્કોલરશીપ અંગેની તમામ સૂચનાઓ ડીસા કોલેજની વેબસાઇટ તથા કોલેજના નોટીસબોર્ડ પર મૂકવામાં આવે છે. તેથી વિદ્યાર્થીઓ દ્વારા કે અન્ય કોઇપણ દ્વારા બનાવેલ ગૃપમાં આવતી નોટીસ ધ્યાનમાં લેવી નહિ.

# SHRI PARAGBHAI T. PATEL SCIENCE COLLEGE, DEESA

## ફોર્મમાં દર્શાવવાની થતી ફીની વિગત : (વાર્ષિક)

## Student Scholarship Fees Detail 2024-25

| B.Sc. SEM.- I/II (Self-Finance) | | | | | |
|---|---|---|---|---|---|
| Gender | Admission Fees | Tution Fees | Misc. Fee | Exam Fees | Total Fee |
| Male | 10 | 10000 | 12630 | 1330 | 23970 |
| Female | 10 | 10000 | 12630 | 1330 | 23970 |
| B.Sc. SEM.- III/IV (Self-Finance) | | | | | |
| Gender | Admission Fees | Tution Fees | Misc. Fee | Exam Fees | Total Fee |
| Male | 10 | 10000 | 12320 | 1240 | 23570 |
| Female | 10 | 10000 | 12320 | 1240 | 23570 |
| B.Sc. SEM.- V/VI (Self-Finance) | | | | | |
| Gender | Admission Fees | Tution Fees | Misc. Fee | Exam Fees | Total Fee |
| Male | 10 | 10000 | 12320 | 1290 | 23620 |
| Female | 10 | 10000 | 12320 | 1290 | 23620 |